# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-06-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રગતિનો પ્રવેશોત્સવ:

'પ્રગતિનો પ્રવેશોત્સવ'ની થીમ સાથે રાજ્યભરમાં આજથી ત્રિ–દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૬ પ્રારંભ કરવામાં આવ્યો છે. મહેસાણાના વડનગરની બી.એન.હાઈસ્કુલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 390 જેટલા બાળકોનું નામાંકન કરાવ્યું.

રાજ્યભરની સાથે આજે કચ્છ જિલ્લામાં પણ ઉલ્લાસભેર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો પ્રારંભ થયો છે. જે અંતર્ગત ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં અંજાર નગર પ્રાથમિક શાળા 14 ખાતે તેમજ સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ ખાતે આયોજીત કાર્યક્રમમાં આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧ તેમજ ધોરણ -૯ના ભૂલકાંઓ તેમજ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી શાળામાં પ્રવેશ કરાવાયો હતો.

આ પ્રસંગે શ્રી છાંગાએ જણાવ્યું કે, છેલ્લા બે દાયકાથી વધુ સમયથી ઉજવાતા આ કાર્યક્રમથી સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા તેમજ સુવિધાઓના કારણે શિક્ષણનું સ્તર વધ્યું છે, સાથે બાળકોને સર્વાંગી વિકાસ થયો છે. જેમાં સૌથી વધુ કન્યા કેળવણીમાં સુધારો થયો છે. તેમણે ઉમેર્યું હતું કે, બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. જે અંતર્ગત જ કચ્છને સૌથી વધુ નવી માધ્યમિક સ્કૂલોની મંજૂરી તેમજ અંજારમાં ત્રણ નવી સરકારી કોલેજો મંજુર થઇ છે.

આ પ્રસંગે તેજસ્વી વિધાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ બાળકો માટેની વાહન સુવિધાને પણ રાજ્યમંત્રીએ લીલીઝંડી આપી હતી.

આ ઉપરાંત, આજે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણના અધ્યક્ષ સ્થાને અંજાર તાલુકાના ભીમાસર ખાતે, સાંસદ વિનોદભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં સીકેએમ વિદ્યાલય મુન્દ્રા ખાતે, શિક્ષણ વિભાગના નાયબ સચિવ જયદેવસિંહ વાઘેલા અને જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારના અધ્યક્ષ સ્થાને અંજાર તાલુકાના શિણાયની ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે, અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં ઘડુલી અને દયાપર ખાતે, જીલ્લા કલેકટર અનીલ રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને ભારાસર કન્યા શાળા ખાતે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો યોજાયા હતા.

સંઘડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારના હસ્તે બેક ટુ સ્કૂલ અંતર્ગત શાળા છોડી ગયેલા 29 બાળકોનો પુનઃ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

---

## <u>સ્કુલ ઓન વ્હીલ્સ :</u>

રાજ્ય દ્વારા અગરિયા પરિવારોના બાળકો માટે નવીન 'સ્કૂલ ઓન વ્હીલ્સ' 'રણશાળા' પહેલ શરૂ કરવામાં આવી છે. આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતેથી ૨૮ રણશાળાની બસોનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું. આ ૨૮ રણ શાળા બસ આજે ગાંધીનગરથી સુરેન્દ્રનગર, પાટણ, કચ્છ અને મોરબી જિલ્લાના અગરિયા વિસ્તારો માટે પ્રયાણ કર્યું. બસમાં ૨૦ થી વધુ બાળકો માટે સોલર એનર્જીના માધ્યમથી ટીવી અને ડીશ ટીવીની વ્યવસ્થા છે જેથી ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા ઓનલાઇન ક્લાસીસનો પણ આ બધા જ બાળકો લાભ લઈ શકશે. અગરિયા પરિવારના બાળકોને આ બસમાં ક્લાસ થકી ભણતર આપવામાં આવશે.

આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત એસટી દ્વારા અગરિયા વિસ્તારમાં 'રણશાળા' માટે એસટીની વેસ્ટ બસોમાંથી બેસ્ટનો ઉપયોગ થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

---

## મુન્દ્રા એરપોર્ટ:

મુન્દ્રા એરપોર્ટથી નિયમિત પેસેન્જર ફ્લાઇટ સેવાનો પ્રારંભ થયો છે. અત્યાર સુધી ચાર્ટર્ડ અને ખાનગી વિમાનો માટે જાણીતું મુન્દ્રા એરપોર્ટ હવે સામાન્ય મુસાફરો માટે પણ ખુલ્યું છે.

મુન્દ્રા થી ગોવા, દિલ્હી, મુંબઈ અને સુરત માટે સ્ટાર એરની સીધી ફ્લાઇટ શરૂ કરવામાં આવી છે.

આનાથી કચ્છના વેપાર, પ્રવાસન અને ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળવાની આશા વ્યક્ત કરાઈ છે.

---

## રિન્યુએબલ એનર્જી પાર્ક-પોસ્ટ ઓફિસ:

કચ્છના રણમાં આકાર લઈ રહેલા વિશ્વના સૌથી મોટા 30 ગીગાવોટના ખાવડા રિન્યુએબલ એનર્જી-આરઈ પાર્કમાં સ્પીડ પોસ્ટ અને નાણાંકીય સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા માટે ગુજરાત પોસ્ટલ સર્કલ દ્વારા આગામી 24 જૂનથી નવી પોસ્ટ ઓફિસ શરૂ કરાશે.

આ પ્રોજેક્ટના વિશાળ વ્યાપ અને તેમાં કામ કરતા કર્મીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ટપાલ વિભાગે ઔદ્યોગિક હબને એક વિશિષ્ટ પિન કોડ '370246' ફાળવી અલગ પોસ્ટલ ઓળખ આપી છે. પોસ્ટલ સર્કલના ચીફ પોસ્ટમાસ્ટર જનરલે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, અત્યાર સુધી આખા ખાવડા વિસ્તારમાં એક પોસ્ટલ કોડ અમલમાં હતો. પરંતુ, આંતરરાષ્ટ્રીય સરહદ નજીક બની રહેલા ઔદ્યોગિક એન્જિનિયરિંગ હબ અને વિશાળ વર્કફોર્સ કોલોનીઓના કારણે આ નવો પિન કોડ અમલમાં મુકાયો છે.

---

## રિન્યુએબલ એનર્જી પાર્ક-મોક ડ્રીલ:

ખાવડા સ્થિત વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કની સુરક્ષાને વધુ મજબૂત કરવા ભારતીય સેના અને સ્થાનિક સુરક્ષા એજન્સીઓ દ્વારા સંયુક્ત મોક ડ્રીલ અંતર્ગત સુરક્ષા કવાયતનું આયોજન કરાયું હતું.

ભારતીય સેનાના કોનાર્ક કોર્પ્સ હેઠળની 'બાલ્ડ ઈગલ બ્રિગેડ'એ ગુજરાત પોલીસ સાથે મળીને આ મલ્ટિ-એજન્સી સુરક્ષા કવાયત પૂર્ણ કરી હતી. ઓપરેશન દરમિયાન ફાયરિંગ કરી સેન્ટ્રલ કંટ્રોલ રૂમમાં ઘૂસનારા ઇસમોનો સામનો કરી પકડવા અને એક્શન લેવા સહિતની ઘટનાના આધારે કવાયત કરાઈ હતી. જેમાં આધુનિક સુરક્ષા પ્રણાલીઓનું પરીક્ષણ કરાયું હતું. કવાયતમાં આર્મી, પોલીસ, એમ્બ્યુલન્સ સહીત આપાતકાલીન સુવિધાઓ જોડાઈ હતી.

રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વપૂર્ણ એવા આ ઉર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સુરક્ષિત રાખવાના હેતુથી કટોકટીના સમયે તમામ એજન્સીઓ વચ્ચે યોગ્ય તાલમેલ જળવાઈ રહે અને સંયુક્ત જવાબી કાર્યવાહી વધુ ઝડપી બને તેવ ઉદ્દેશ્યથી આ કવાયત હાથ ધરાઈ હતી.

---

## માંડવી ભુજ રોડ-રોલર ક્રેશ બેરિયર:

જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાએ ભુજ માંડવી હાઈવે પર અકસ્માત નિવારવા હેતુથી ઇન્સ્ટોલ કરવામાં આવી રહેલા નવા રોલર ક્રેશ બેરિયરની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે માર્ગ સલામતીને પ્રાથમિકતા આપીને કામગીરી કરવા અધિકારીઓને સૂચન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, માંડવી તાલુકાને જિલ્લાના મુખ્ય મથક ભુજ સાથે જોડતો ભુજ-માંડવી રોડ મહત્વપૂર્ણ રાજ્ય ધોરીમાર્ગ છે. આ રસ્તો ડુંગરાળ વિસ્તારમાંથી પસાર થતો હોવાથી તેમાં હોરીઝોન્ટલ અને વર્ટીકલ વળાંકો આવેલા છે. આ કારણે ભૂતકાળમાં આ રોડ પર અવારનવાર અકસ્માતો થયા છે. આ સમસ્યાને હલ કરવા અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા માટે

વહીવટીતંત્ર દ્વારા નવીન ટેક્નોલોજી સાથેના રોલર ક્રેશ બેરિયર લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

---